અગ્રતા ક્રમ : ૫

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૬૬

પ્રશ્નની વિગત: શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણીયામાં આવતા પ્રવાસીયો માટે સુવિધા.

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : ડૉ. કાંતિલાલ શિવલાલ અમૃતિયા (મોરબી)

| ક્રમાંક | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા .૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જીલ્લાના શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન , વવાણીયા ખાતેઆવતા પ્રવાસીયોની સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ કામગીરી કરેલ છે ,કે કેમ, | હા, |
| ૨ | જો હા, તો તેની વિગતો શું છે ,અને | મોરબી જીલ્લાના શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન , વવાણીયા ખાતે સ્વાધ્યાય હોલ,ટોઈલેટ બ્લોક,જનરેટર રૂમ,સિક્યુરિટી કેબીન,ડાઈનીંગ |

| | | | |
|---|---|---|---|
| | | હોલ વગેરે કામગીરી હાથ ધરેલ,જે કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે | |
| ૩ | આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ? | મોરબીજીલ્લાનાવવાણીયા ખાતેના શ્રી મંદ રાજચંદ્ર ભુવન તથા રામબાઈ માતાની કામગીરી માટે રૂ.૩૮૩.૮૨ લાખનો ખર્ચ થયેલ છે. | |

| 1. |
|---|
| અગ્રતા ક્રમ : ૫<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૬૬<br>પ્રશ્નની વિગત: શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણીયામાં આવતા પ્રવાસીયો માટે સુવિધા.<br>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : ડો. કાંતિલાલ શિવલાલ અમૃતિયા (મોરબી) |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- ડો. કાંતિલાલ શિવલાલ અમૃતિયા (મોરબી) |
| પૂરક પ્રશ્ન (૧) : મોરબી જીલ્લા ના વવાણીયા ખાતે શ્રીમદ્ રાજચંદ્ર ભુવન ખાતે ની કામગીરીમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે. તથા કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે ? |
| જવાબ:<br>માન.અધ્યક્ષશ્રી<br>ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન,વવાણીયા ખાતે “ડેસ્ટીનેશન ડેવલોપમેન્ટ ઓફ શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન”ની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. તથા શ્રી રામબાઈ માતા મંદિર ખાતે પ્રવાસન નીગમ ધ્વારા નીચે મુજબ ના કમ્પોનન્ટ ની કામગીરી કરવામાં આવેલ |

છે.

- ભોજનાલય
- સીડી રૂમ
- ઓફીસ રૂમ
- ૨૫૦ માણસ બેસી શકે તેવો સત્સંગ હોલ
- ઓસરી

ઉપરોક્ત કામગીરીની વિગત નીચે મુજબ છે.
પ્રોજેક્ટ નું નામ : ડેસ્ટીનેશન ડેવલોપમેન્ટ ઓફ શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન
કામગીરીમાં થયેલ કુલ ખર્ચ : રૂ. ૮૧૨.૫૬લાખ
કામગીરીપૂર્ણ થયા તારીખ: ૩૦/૦૭/૨૦૨૨

ઉપરોક્ત કામગીરી સ્થળ પર ૩૦/૦૭/૨૦૨૨ ના રોજપૂર્ણ થઈ ગયેલ છે. અને કામગીરી કર્યા બાદ

ટ્રસ્ટને સોપણી કરી દેવામાં આવેલ છે.જેની સાચવણી અને નીભવણી ટ્રસ્ટ ધ્વારા કરવામાં આવે છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૫**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૬૬**<br>**પ્રશ્નની વિગત: શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણીયામાં આવતા પ્રવાસીયો માટે સુવિધા.**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : ડો. કાંતિલાલ શિવલાલ અમૃતિયા (મોરબી)** |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી પ્રકાશભાઈ વરમોરા(ધ્રાંગધ્રા) |
| પૂરક પ્રશ્ન (૨) : શ્રીમદ રાજચંદ્ર ભુવન, વવાણીયા નું ધાર્મિક/ આધ્યાત્મિક મહત્વ શું છે? |

જવાબ:

**માન.અધ્યક્ષશ્રી**

શ્રીમદ રાજચંદ્રના જીવન પ્રસંગોમાં સર્વોચ્ચ પ્રમાણિકતા, સત્યનિષ્ઠા, નીતિમત્તા, અન્યને લેશ પણ દુભવવાની અનિચ્છા અને અનુકંપા આદિ અનેક અનુકરણીય ગુણોનું સ્વાભાવિક દર્શન થાય છે.

તેમણે ૯મા વર્ષે રામાયણ અને મહાભારત સંક્ષેપ્ત પદોમાં લખ્યું. ૧૨થી ૧૬ વર્ષની વયમાં આધ્યાત્મિક પુસ્તકોનું તેમણે સર્જન કર્યું. શ્રીમદ રાજચંદ્ર એ પોતાના 33 વર્ષના ટૂંકા જીવનકાળ દરમિયાન તેમના ભક્તોને આત્મ ઉદ્ધારમાં ઉપયોગી થાય તે માટે ભાવનાબોધ, પુષ્પમાળા, મોક્ષમાળા, આત્મસિદ્ધિશાસ્ત્ર વગેરે ગ્રંથોની ભેટ આપી છે.

તેઓ શતાવધાન અર્થાત એકસાથે સો ક્રિયાઓ એક ધ્યાને સફળતાપૂર્વક કરી શકતાં હતાં.

શ્રીમદ્જીએ ગાંધીજીને હિન્દુ ધર્મની ગહનતા અને વિદ્વતા વિષે વિસ્તૃત સમજ આપેલ અને ગાંધીજીએ તેમને પોતાના આધ્યાત્મિક ગુરૂ માન્યા હતાં.

મોરબી જિલ્લાના માળિયા તાલુકાના વવાણીયા ગામ ની ભૂમિ શ્રીમદ રાજચંદ્ર દેવના જન્મથી અને પુનિત પગલાથી પાવન થઈ છે, તેથી જ આજે વવાણીયા એક પુણ્ય તીર્થધામ બની ગયું છે.

**અગ્રતા ક્રમ : ૫**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૬૬**

**પ્રશ્નની વિગત: શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણીયામાં આવતા પ્રવાસીયો માટે સુવિધા.**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : ડો. કાંતિલાલ શિવલાલ અમૃતિયા (મોરબી)**

પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી દુર્લભજીભાઈ હરખજીભાઈ દેથરીયા

પૂરક પ્રશ્ન (૩) : મોરબી જિલ્લામાં પ્રવાસન નીગમ ધ્વારા અન્ય કોઈ સ્થળ ખાતે પ્રવાસી સુવિધા ના વિકાસ ની કામગીરી હાથ ધરવામાં આવે છે?

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

ડેવેલોપમેન્ટ ઓફ મહર્ષિ દયાનંદ સરસ્વતી ટ્રસ્ટ ટંકારા જિ.મોરબી ખાતે પ્રવાસી સુવિધા ના વિકાસ ની કામગીરી હાથ ધરવામાં આવે છે જેની વિગત નીચે મુજબ છે.

- પ્રોજેક્ટનું નામ : ડેવેલોપમેન્ટ ઓફ મહર્ષિ દયાનંદ સરસ્વતી ટ્રસ્ટ ટંકારા જિ.મોરબી

પ્રસ્તાવના રૂપરેખા:- મહર્ષિ દયાનંદ સરસ્વતી જેમનું મૂળ નામ મૂળશંકર હતું જેઓ નો જન્મ ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૪ ના  રોજ મોરબી પાસેના ટંકારા ગામે બ્રાહ્મણ પરીવારમાં થયો હતો. મૂળશંકર સત્યની ખોજમાં ઘરેથી નીકળી ગયા હતા જે દરમ્યાન તેઓ એ પરમહંસ પરમાનંદ પાસે વેદાન્ત નો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ દંડી સ્વામીના પરીચયમાં આવ્યા આ દરમ્યાન દંડી સ્વામી મૂળશંકર ના વિવેકથી પ્રભાવીત થયા અને દીક્ષા આપી દયાનંદ સરસ્વતી નામ આપ્યું. ત્યારબાદ આગળ વધતા તેઓ એ  વર્ષ ૧૮૯૫ માં આર્યસમાજ ની સ્થાપના કરી હતી॰ મહર્ષિ દયાનંદ સરસ્વતી એ “વેદો તરફ પાછા વળો” નું સૂત્ર પણ આપેલ છે. આર્યસમાજ મુખ્યતવે વેદિક મૂલ્યો, સંસ્કૃતિ અને ધર્મનું જ્ઞાન આપવાનો પ્રયાસ હાથ ધરે છે.

ગુજરાતનુ ગૌરવ મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જન્મ સ્થાન ટંકારા છે. તથા અહીયાં આવતા પ્રવાસીઓની સુવિધા ધ્યાને લઈ ટ્રસ્ટ સાથે પરામર્શ હાથ ધરી ગુજરાત પ્રવાસન નીગમ ધ્વારા ખૂટતી સુવિધા હાથ ધરવામાટે પ્રોજેક્ટ હાથ ધરેલ છે

કમ્પોનન્ટ.

- રિટેઈંગ વોલ,
- બ્રીક વોલ,

- આરસીસી વોલ,
- ફીલિંગ,
- સિક્યુરીટી કેબીન,
- બોક્સ કલ્વટ,
- બોરવેલ,
- ગેટ

---

 આર્કિટેક્ટ: સ્થાપતી આર્કિટેક્ટ , અમદાવાદ

 પી. એમ.સી :- માર્શ પ્લાનિંગ એન્ડ એન્જીનીયર્સ, અમદાવાદ

 કોન્ટાક્ટર : આર. એન. ડોબારીયા , સુરત

 વર્ક ઓર્ડરની તારીખ : ૧/૧૧/૨૨

 વર્ક ઓર્ડરની રકમ રૂ. : ૮,૯૯,૯૮,૯૫૫/-

 સમય મર્યાદા: ૧૮ માસ

 કામગીરી પૂર્ણ થવા ની તારીખ : ૩૦/૦૪/૨૦૨૪

•હાલની પરિસ્થિતી : કામગીરી પ્રગતિમા છે.

ઉપરોક્ત કામગીરી પૂર્ણ થયા બાદ ટ્રસ્ટને સોપણી કરવામાં આવશે. જેની સાચવણી અને નીભવણી ત્યારબાદ ટ્રસ્ટ ધ્વારા કરવામાં આવશે.

| |
|---|
| અગ્રતા ક્રમ : ૫<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૭૬૬<br>પ્રશ્નની વિગત: શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવન, વવાણીયામાં આવતા પ્રવાસીયો માટે સુવિધા.<br>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : ડો. કાંતિલાલ શિવલાલ અમૃતિયા (મોરબી) |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી દુર્લભજીભાઈ હરખજીભાઈ દેથરીયા |
| પૂરક પ્રશ્ન (૩) : મોરબી જીલ્લા ના વવાણીયા ખાતે શ્રીમદ્ રાજચંદ્ર ભુવન ખાતે ની કામગીરીથી સમાજને શું ફાયદો થશે? |
| જવાબ:<br>માન.અધ્યક્ષશ્રી<br>શ્રીમદ્ રાજચંદ્ર એ ગુજરાતી કવિ, જૈન ફિલસૂફ અને જ્ઞાતા હતા. તેઓ ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ તરીકે જાણીતા છે. તેમનો જન્મ ૯ નવેમ્બર ૧૮૬૭ અને દેવ દિવાળી ને દિવસે મોરબી પાસેનાં વવાણિયા ગામે થયો હતો.<br>મોરબી જીલ્લા ના વવાણીયા ખાતે શ્રીમદ્ રાજચંદ્ર ભુવન ખાતે ની કામગીરીથી સમાજના સંસ્કૃતિક |

મુલ્યવર્ધન માટે કરાતી સનાતન ધર્મ પરંપરાની જાળવણી વધુ વ્યાપક રીતે કરી શકાશે.સમાજના આધ્યાતમીક વર્ગ સાથે જોડાયેલ માણસો ને ઘણો ફાયદો થસે. સાથે સાથે ઉપરોક્ત સ્થળ ની મુલાકાત લેનાર પ્રવાસીઓ ને શ્રીમદ રાજચંદ્રના જીવન પ્રસંગોમાં સર્વોચ્ચ પ્રમાણિકતા, સત્યનિષ્ઠા, નીતિમત્તા, અન્યને લેશ પણ દુભવવાની અનિચ્છા અને અનુકંપા આદિ અનેક અનુકરણીય ગુણોનું સ્વાભાવિક દર્શન થાય છે જેનું જ્ઞાન મળશે.